॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
તમારી કિંમત બીજાના વખાણથી વધતી નથી, અને કોઈના અપમાનથી ઘટતી નથી, જો તમે આ સત્ય સમજી ગયા, તો તમે દુનિયાના સૌથી આઝાદ માણસ છો..

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR
GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 11, Dt. 14/01/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat




મકરસંક્રાતિ એટલે માત્ર પતંગ ઉડાડવાનું જ પર્વનથી પરંતુ માનવજીવનને ઉચ્ચસ્તર પર લઇ જતા સૂર્યદેવની કૃપા પ્રાપ્ત કરવાનું એક અનોખુંપર્વછે. મકર રાશિમાં પ્રવેશતા સૂર્યની સર્વોત્તમ ઉર્જા પ્રાપ્ત થઈ શકે તેનો આ અવસર છે.એક જમાનામાં પૂરપાટ વહેતી નાવલીના બેય કાંઠે પતંગબાજોની ટોળીઓ જામતી. આજે તો અગાસી અને મેદાનોમાં પતંગોત્સવ ઉજવાય છે.

મકરસંક્રાંતિની વાસ્તવિક પહેચાન માત્ર આધ્યાત્મિક નહી પણ વૈજ્ઞાનિક છે. ભૌગોલિક છે. આ તહેવારની ભૌગોલિક વિગત પણ જાણવા જેવી છે. પૃથ્વી સાડા ૨૩ ડિગ્રી અક્ષ પર નમેલી હોવાથી સૂર્યની પરિક્રમા કરે છે ત્યારે વર્ષમાં ૪ સ્થિતિઓ એવી હોય છે જ્યારે સૂર્યના સીધા કિરણો ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ વિષુવવૃત રેખા, ૨૧ જૂનના રોજ કર્ક રેખા અને ૨૨ ડિસેમ્બરના રોજ મકર રેખા પર પડે છે. હકીકતમાં ચન્દ્રમાના પથને ૨૭ નક્ષત્રોમાં વહેચવામાં આવ્યું છે. જ્યારે કે સૂર્યના પથને ૧૨ રાશિઓમાં વહેચવામાં આવ્યુ છે. મેષ, તુલા, કર્ક અને મકર. મકરસંક્રાંતિનો સમય એવો છે કે જયારે ધરતી પર હરિયાળી છવાયેલી હોય છે ખેતરોમાં પાક લહેરાવવા માંડે છે. આ દિવસથી વસંત ઋતુની પણ શરૂઆત થાય છે અને આ તહેવાર સંપૂર્ણ અખંડ ભારતમાં પાકના આગમનની ખુશીના રૂપમાં ઉજવાય છે. ચોમાસાનો પાક કપાઈ ચુક્યો હોય છે અને ખેતરોમાં રવી (વસંત ઋતુ)નો પાક લહેરાય છે.

આ સમયે સૂર્યનો ઉજાસ અનોખો હોય છે તેમાં અનોખી તાજગી હોય છે. આકાશ પ્રકાશમય રહે છે તો આ પ્રકાશમાં શરીરનો પરિત્યાગ કરવાથી વ્યક્તિનો પુનર્જન્મ થતો નથી. આવા લોકો બ્રહ્મને પ્રાપ્ત કરે છે. આ જ કારણ હતું કે ભીષ્મ પિતામહે શરીર ત્યાં સુધી ત્યજયુ નહોતુ જયાં સુધી સૂર્યઉત્તરાયણનહોતો થઈ ગયો. આ તહેવારોનું ઐતિહાસિક તથ્ય પણ જેવું તેવું નથી. હિન્દુ ધર્મશાસ્ત્રો મુજબ મકર સંક્રાતિથી દેવતાઓનો દિવસ શરૂ થાય છે. જે અષાઢ મહિના સુધી રહે છે. મહાભારત કાળમાં ભીષ્મ પિતામહે પોતાનો દેહ ત્યાગવા માટે મકરસંક્રાંતિના દિવસની જ પસંદગી કરી હતી. મકરસંક્રાંતિના દિવસે જ ગંગાજી ભગીરથીની પાછળ પાછળ ચાળીને કપિલ મુનિના આશ્રમથી પસાર થઈ સાગરમાં જઈને મળી હતી. મહારાજ ભગીરથે પોતાના પૂર્વજો માટે આ દિવસે તર્પણ કર્યું હતુ તેથી મકરસંક્રાંતિના દિવસે ગંગાસાગરમાં મેળો ભરાય છે. મકરસંક્રાંતિના તહેવાર પર દાન પુણ્ય કરવાનું અને ખીચડો ખાવાનું તેમજ ખવડાવવાનું ખૂબ જ મહત્વ છે.

આ દિવસે ભગવાન સૂર્યની સાથે સાથે ભગવાન વિષ્ણુની પણ પૂજા કરવામાં આવે છે. જીવનમાં સુખ-સમૃદ્ધિ વધે છે. હિન્દુ માન્યતાઓ અનુસાર મકરસંક્રાંતિના દિવસે ગંગા નદીમાં સ્નાન કરવાનું શુભ માનવામાં આવે છે. સૂર્વોદય પહેલાનો સમય અમૃતવેલા કહેવાય છે. આ સમય ૨૪ કલાકમાં માત્ર એક વખત આવે છે એ સમયે કોસ્મિક ઊર્જા તેની ટોચ પર હોય છે. સૂર્યોદય થતા પહેલા તેની ઉર્જા ધરતીને સ્પર્શે તેવી તે પહેલા તેનો પ્રભાય શરૂ થઈ જાય છે આ પવિત્ર સમયે માનવી જે કામ કરે છે તેમાં તે સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ તો આડા દિવસની વાત થઈ પરંતુ મકરસંક્રાંતિ એક એવા દિવસનો સમય છે જેમાં સૂર્યની અમાપ ઉર્જા ધરતીના કણ કણને પ્રભાવીત કરે છે. મકરસંક્રાંતિ વર્ષમાં માત્ર એક વખત આવે છે અને આવે ત્યારે તેનો પૂરેપૂરો લાભ પતંગ ઉડાડવામાં નહીં મોબાઈલમાં મેસેજ કરવામાં નહી કે ગુડ મોર્નિંગ ગુડનાઈટના મેસેજ મોકલવામાં ગુમાવવાને બદલે મકરસંક્રાંતિનો આ સોનેરી સમય માનવજીવનને કર્ક રેખા અને ૨૨ ડિસેમ્બરના રોજ મકર રેખા પર પડે છે. ભારતીય જ્યોતિષમાં આ ૪ સ્થિતિઓને ૧૨ સંક્રાંતિઓમાં વહેંચવામાં આવી છે જેમાંથી ૪ સંક્રાતિઓ મહત્વપૂર્ણ હોય છે. મેષ, તુલા, કર્ક અને મકરસંક્રાંતિ. મકરસંક્રાંતિનો સમય એવો છે કે જયારે ધરતી પર હરિયાળી છવાયેલી હોય છે, ખેતરોમાં પાક લહેરાવા માંડે છે. આ દિવસથી વસંત ઋતુની પણ શરૂઆત થાય છે અને આ તહેવાર સંપૂર્ણ અખંડ ભારતમાં પાકના આગમનની ખુશીના રૂપમાં ઉજવાય છે. ચોમાસાનો પાક કપાય ચુક્યો હોય છે અને ખેતરોમાં રવી (વસંત ઋતુ)નો પાક લહેરાય છે. ખેતરમાં સરસવના ફૂલ મનમોહક લાગે છે.

આ દિવસે ભગવાન સુર્યની સાથે સાથે ભગવાન વિષ્ણુની પણ પૂજા કરવામાં આવે છે. આ વ્રત ભગવાન સૂર્ય નારાયણને સમર્પિત છે. આ દિવસે સૂર્યદેવને તાંબાના લોટામાં જળ ભરીને તેમાં ગોળ, ગુલાબની પાંદડીઓ નાંખીને અર્ધ્યે આપો. આ દિવસે ગોળ, તલ અને ખીચડીનું સેવન પણ જરૂર કરો. સાથે ગરીબોને પણ કંઈક દાન અવશ્ય આપો. આ દિવસે ગાયત્રી મંત્રનો જાપ કરવો શુભ રહેશે. તમે ઈચ્છો તો ભગવાન સૂર્ય નારાયણના મંત્રોનો જાપ પણ કરી શકો છો. મકરસંક્રાંતિ પર ખવાતા ખીચડાનો વિવિધ ગ્રહો અને સૂર્યની ઉર્જા સાથે શું સંબંધ છે તેનું ધાર્મિક મહત્વ શું છે તે આજે આપણે જાણીએ કેવી રીતે શરૂ થઈ ખીચડાની પરંપરા.

કેટલીક માત્વતાઓ અનુસાર ખિલજીના યુદ્ધ દરમિયાન નાથ યોગી નબળા પડી ગયા અને ભૂખના લીધે તેમની તબિયત બગડવા લાગી. ત્યારે ગોરખનાથે દાળ ચોખા અને શાકભાજીને એક સાથે પકવીને બધાને ખવડાવ્યું. જેનાથી નાથ યોગીને તરત ઉર્જા મળી અને તેમનું આરોગ્ય પણ સુધરવા લાગ્યુ. ત્યારથી ખીચડો બનાવવાની પરંપરા ચાલી આવે છે. મકરસંક્રાંતિએ દાન કરવાથી સુખ સમૃદ્ધિ વધે છે. મકરસંક્રાંતિ પર ગોળ, તલ, મગની દાળ , ચોખા, તાંબુ, સોનું, કપડાંનું દાન કરવાથી હજાર ગણું વધુ ફળ મળે છે. ભગવાન વિષ્ણુની વિશેષ કૃપા થાય છે. મકરસંક્રાંતિ પર દાન કરવાથી પિતૃઓ પણ પ્રસન્ન થાય છે. જીવનમાં સુખ-સમૃદ્ધિ વધે છે. હિન્દુ માન્યતાઓ અનુસાર મકરસંક્રાતિના દિવસે ગંગા નદીમાં સ્નાન કરવાનું શુભ માનવામાં આવે છે. તેનાથી તમામ પાપમાંથી મુક્તિ મળી જાય છે. સાથે સાથે મકરસંક્રાંતિના દિવસે છે દાનનો પણ વિશેષ મહિમા છે. આ દિવસે કરાયેલા દાનનું ફળ સો ગણુ થઈ જાય છે. મકરસંક્રાંતિના દિવસે ઘી, તેલ, બ્લેન્કેટ, ખીચડી - ખીચડો, અનાજ, અડદના દાનનું ખૂબ મહત્ત્વ છે. મકરસંક્રાંતિના દિવસે તલ, ગોળ, અને ખીચડીના દાનથી કિસ્મત બદલાય છે. આ દિવસે પુણ્યકાળમાં દાન આપવાનું, સ્નાન કરવાનું કે શ્રાદ્ધ કાર્ય કરવાનું શુભ માનવામાં આવે છે. મકરસંક્રાતિના દિવસે સૂર્યોદય પહેલા ઊઠીને સૂર્યદેવને ત્રાંબાના કળશમાં અર્ધ્ય અર્પિત કરવામાં આવે છે ત્યારબાદ સૂર્યનમસ્કારના બાર આસનો છે તે કરવાથી માનવ આરોગ્યને સર્વોત્તમ ફાયદો થાય છે. શરીરના તમામ અંગોને આનાથી પૂરતો વ્યાયામ મળે છે. સુર્યનમસ્કાર માત્ર કસરત નથી પરંતુ તેની સાથે શ્રધ્ધા ને આધ્યાત્મિકતા જોડાયેલી છે. મકરસંક્રાંતિના ઉગતા સૂરજ સામે સૂર્યનમસ્કાર કરવાથી માનવીની રોગપ્રતિકાર શક્તિમાં અનેક ગણો વધારો થાય છે સૂર્યનમસ્કાર કરવાથી અને સાથોસાથ શ્વાસ નિયંત્રણ અને પ્રાણાયામ કરવાથી ફેફસાં મજબૂત બને છે અને કોરોના જેવા કોઈ પણ વાયરસ સામે આ ઓક્સિજનની વધેલી ક્ષમતાને કારણે માનવીનું શરીર રોગોનો પ્રતિકાર સર્વોત્તમ રીતે કરી શકે છે. કોરોના કાળ દરમિયાન જે લોકો સૂર્યનમસ્કાર કરતા હતા તે લોકોને વાયરસની કોઈ અસર થઈ નથી. યોગ, પ્રાણપ્રયામ અને સૂર્યનમસ્કાર કરવાથી માનવીની રોગપ્રતિકાર શક્તિ આપમેળે વધે છે. સાથે શ્રદ્ધાનો ભાવ હોવાથી શરીરમાં પ્રાણનો સંચાર દિવ્ય ચેતના બનીને વધે છે આથી માનવી સો વર્ષ સાજો- નરવો રહી શકે છે.





## સાવરકુંડલામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજવાયું સોમનાથ સ્વાભિમાન પર્વ

### ભૂદેવોના મંત્રોચ્ચાર થી સમગ્ર વિસ્તાર દિવ્ય બન્યો; હજારો ભાવિકોએ લીધો દર્શન-પ્રસાદનો લ્હાવો...

શિવભક્તિ અને સાંસ્કૃતિક અસ્મિતાનો અનોખો સંગમસોમનાથ મહાદેવ મંદિરના અખંડ સ્વાભિમાન અને આસ્થાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે સમગ્ર રાજ્યમાં ભક્તિમય ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત સાવરકુંડલા શહેર ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા શ્રી રિદ્ધિ-સિદ્ધિ નાથ મહાદેવ મંદિર ખાતે શિવ પ્રસન્નાર્થે ભવ્ય લઘુરુદ્ર યજ્ઞ તથા મહાઆરતી નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.શાસ્ત્રોક્ત વિધિ અને ભવ્ય મહાઆરતીકાર્યક્રમના પ્રારંભે સવારથી જ શિવાલયમાં ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે લઘુરુદ્ર યજ્ઞની વિધિ શરૂ કરવામાં આવી હતી. હોમ-હવન અને શિવભક્તિથી સમગ્ર વાતાવરણ દિવ્ય બન્યું હતું. બપોરે ૧૨:૦૦ કલાકે ધારાસભ્યશ્રી, ભાજપના અગ્રણીઓ અને ભાવિકોની ઉપસ્થિતિમાં ભગવાન ભોળાનાથની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી સમગ્ર વિસ્તારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.લોકભાગીદારી અને સંગઠન શક્તિઆ પાવન અવસરે સાવરકુંડલા શહેર તેમજ તાલુકાની ધર્મપ્રેમી જનતા ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી અને દર્શન તેમજ પ્રસાદનો લાભ લીધો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શહેર ભાજપના હોદ્દેદારો, વિવિધ મોરચાના કાર્યકરો અને સામાજિક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.સાંસ્કૃતિક અસ્મિતાનો સંદેશ સાવરકુંડલા શહેર ભાજપ પરિવાર દ્વારા આ પ્રસંગે જણાવાયું હતું કે, "સોમનાથ મંદિર આપણી અસ્મિતા અને અતૂટ શ્રદ્ધાનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષના સંઘર્ષ બાદ પણ અડગ રહેલી આપણી આસ્થાની યાત્રાને વધાવવા અને નવી પેઢીને આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી માહિતગાર કરવાના ઉમદા હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું."

**અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ: સાવરકુંડલાના શિવાલયમાં ગુંજ્યા હર હર મહાદેવના નાદ, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ કરી લોકકલ્યાણની પ્રાર્થના**

## સાવરકુંડલા ખાતે વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત

# લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે પર્વ પૂર્ણિમા ઉત્સવ ઉજવાયો







■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા ખાતે વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા પર્વ પૂર્ણિમાનું ગરીમા પૂર્ણ ઉત્સવ પૂજ્ય મોરારીબાપુ ના અધ્યક્ષ સ્થાને ઉજવાયો જેમાં સંગીત સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓનું એવોર્ડ સાલ અને ગરીમામય રાશી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ સાહિત્ય અને સંગીત ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર કલાકારોનું પૂજ્ય મોરારીબાપુના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પર્વ પૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પૂજ્ય ભક્તિ રામ બાપુ વિદ્યાગુરુ રતિલાલ બોરીસાગર અમેરિકાથી ખાસ પધારેલા નટવર ગાંધી અને પન્ના નાયક મુંબઈથી મનુભાઈ ગાંધી તેમજ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા પૂજ્ય મોરારીબાપુએ પોતાના વક્તવ્યમાં પાંચ પ્રકારના પર્વ હોય છે તેની વિસ્તારપૂર્વક વાત કરી હતી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિશુલ્ક સેવા છેલ્લા 11 વર્ષથી આપી રહ્યું છે અને અત્યાર સુધીમાં આશરે 24 લાખ ઉપરાંત દર્દીઓએ સન્માન પૂર્વક સેવાનો લાભ લીધો છે સૌથી મહત્વની વાત એ છે કે 20 જેટલા મોટાભાઈ ભરવાડના નાના બાળકો અને યુવાનો દ્વારા ઘેરઘેરથી દૂધ એકઠું કરી અને હોસ્પિટલે પહોંચાડ્યું છે જે સેવાને બાપુએ ખાસ બિરદાવી હતી.

આ કાર્યક્રમમાં અમેરિકાથી ખાસ પધારેલા નટવર ગાંધીએ અને પન્ના નાયકે એક મોટી જાહેરાત કરી હતી કે પોતાની જે કાંઈ સ્થાવર જંગમ મિલકત અને મૂડી છે તે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને અર્પણ કરવાની જાહેરાત કરી અને પોતાને જાતને ધન્યતા અનુભવી હતી

**દેવદૂત તરીકે સાબિત થયેલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર..**




**ભગવાન અને સમાજનું સુરક્ષા કવચ સેવા અને સમર્પણનો પ્રયાય એટલે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર... સ્વાસ્થ્ય સંવેદના અને વિશ્વાસ એટલે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર...**

જેને પૂજ્ય મોરારીબાપુએ આવકારી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. શિક્ષણ સાહિત્ય અને સંગીત ક્ષેત્રે જેમની એવોર્ડ આપવામાં આવનાર હતા તેમનો પરિચય ભદ્રાયુ વછરાજાની એ આપ્યો હતો. અંતમાં વિદ્યાગુરુ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશ મહેતાએ પોતાનું વક્તવ્ય આપતા ખૂબ જ ભાવુક થયા હતા. લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં વિશિષ્ટ સેવા કરનાર આંખના ડોક્ટર તેમજ હાડકાના ડોક્ટરની સેવા ને પૂજ્ય મોરારીબાપુએ બિરદાવી હતી અને તેમનું વિશિષ્ટ સન્માન પણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે દેશ-વિદેશમાંથી ઉપસ્થિત થયેલા દાતાઓ મહાનુભાવો અને સાવરકુંડલા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



**વરિષ્ઠ પત્રકાર પ્રદીપભાઈ દોશીને પદ્મ પ્રકાશ કુંજ સાપ્તાહિકની શુભેચ્છા પાઠવતા પુ. મોરારીબાપુ**

**માનવતાના મહાકુંભના સાચા સારથી એટલે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર..**





સ્વચ્છ પાણી, સ્વસ્થ જીવન

# રાજન વોટર સપ્લાય

તમારા પરિવારના સ્વાસ્થ્યની કાળજી હવે અમારી !

રાજન વોટર સપ્લાય લાવે છે સાવરકુંડલા શહેરમાં શુદ્ધ અને મીઠું આરોગ્યપ્રદ...
પાણી ના 4000 લીટર પાણીના ટેન્કર ની હોમ ડિલિવરી...

રાજનનું જળ અમૃત, દરેક ઘરમાં તંદુરસ્તી લાવે છે...

**અમારી વિશેષતાઓ**

* ચોખ્ખું અને તાજું મીઠું પીવાનું પાણી
* સમયસર અને સુરક્ષિત અને ઝડપી હોમ ડિલિવરી
* સાવરકુંડલાના દરેક વિસ્તારમાં ઉપલબ્ધ

મુકેશભાઈ ભરવાડ
મો. 87329 81368

સ્થળ : ફ્રેન્ડ સોસાયટી, ભરવાડ શેરી, સાવરકુંડલા.


આજે જ સંપર્ક કરો અને તમારા પરિવારને આપો સ્વસ્થતાની ભેટ!

ખાસ નોંધ : સાવરકુંડલા શહેરનાં કોઈપણ વિસ્તારમાં આગ જેવી દુર્ઘટના બને તો રાજન વોટર સપ્લાય તરફથી ફ્રી માં પાણી પહોંચાડવામાં આવશે. મો. 87329 81368

# મહાદેવ, મુન્શી, સરદાર અને મોદી..







## મંદિરને તોડી શકાય.. શ્રદ્ધા અને સનાતન ધર્મને નહીં...



આજથી એક હજાર વર્ષ પહેલાં અફઘાનિસ્તાનના ગજની રાજયના સુલતાન મહમદ ગજનીએ સોમનાથ પર આક્રમણ કર્યુ. આક્રમણનુ મુખ્ય કારણ ગજની પ્રાંતમાં ભયાનક અરાજકતા, આર્થિક મુશ્કેલી અને ખોરાક અને અન્નની તંગી હતી. ગજનીએ ત્યાંની પ્રજાને કહ્યું કે હું ભારતમાં આવેલા સૌથી સંપન્ન મંદિર પૈકીના એક સોમનાથને લુંટવા જઈ રહ્યો છું, જે લોકો મારી સાથે સૈન્ય તરીકે જોડાશે તેમને તેમની લુટેલી સંપતિ તેમની પોતાની રહેશે.

જે પ્રજા ખોરાક માટે વલખા મારી રહી હોય, જેમનામાં સિવિક સેન્સ કે બીજી કોઈ વિચારવાની તાકાત ન હોય તેમને આ ઓફર લોટરી સમાન લાગી અને કુલ 3 લાખ જેટલા લોકો સૈન્ય સ્વરુપે ભારત પર અને સોમનાથ પર આક્રમણ કરવા તૈયાર થઈ ગયાંદુનિયાએ આટલી મોટી સેના ક્યારેય જોઈ ના હતી. ગજનીએ કહ્યું કે રસ્તામાં જે આવે તે લુંટી લો. પંજાબમાં તેમનો જોરદાર મુકાબલો થયો, ત્યાંથી ડરતા ભાગતા રાજસ્થાન આવ્યા, કેટલાક પ્રદેશ જીત્યા કેટલીક જગ્યાએ ખુવારી સહન કરી.

આપણાં વર્ણવ્યવસ્થાની રચનાને કારણે આપણે હજારો વર્ષો સુધી ગુલામ રહ્યાં. સૈનિકો તરીકે માત્ર ક્ષત્રિયો જ શહિદ થયા કરે અને તેઓ જ માત્ર લડવા જઈ શકે તેના કારણે મોટી સંખ્યા આવતા આક્રાંતાઓ સામે બહાદુરી અને અપ્રિતમ શૌર્ય હોવા છતાં આપણે હારતા રહ્યાં કારણ કે 90થી વધુ ટકા પ્રજા કાં તો વેપાર,ખેતી અથવા તો બીજા કામમાં જોતરાયેલી રહી. ક્ષત્રિયો ઓછી સંખ્યા હોવા છતાં સદીઓ સુધી દેશ અને પ્રજા માટે બલિદાન આપતા રહ્યાં. પરંતુ 3 લાખની સેના સામે ત્રીસ હજાર કે ત્રણ હજાર ક્ષત્રિયો કેટલોક મુકાબલો કરી શકે. અંતે આ વીર ક્ષ ત્રિયો શહીદ થઈ જાય અને બાકીની પ્રજા પર વિદેશી આક્રાંતાઓ રાજ કરે.

સોમનાથ હુમલા દરમિયાન પણ એવુ જ થયુ. હિન્દુ રાજાઓ સંગઠિત ન હતા. વિશાળ સેના સામે બહાદુર વીરોએ મુકાબલો કર્યો પરંતુ ઓછી સંખ્યાના કારણે વીરગતિ પામ્યા અને અફઘાન કબિલાઓના લોકો લુંટ ચલાવતા ગયા.

જયારે પાટણ નજીક મહમદ ગઝની આવ્યો ત્યારે ભીમદેવ સોલંકીએ પાટણને ખાલી કરી શહેરને ભેંકાર કરી દીધુ. સ્ત્રીઓ અને બાળકો અને સંપત્તીને અલગ અલગ જગ્યાએ મોકલી બચાવી લીધુ. વીર સોલંકી યોધ્ધાઓએ ગજનીનો સામનો કરવા સોમનાથ પહોંચી ગયા અને ગજનીના સૈન્ય સામે ટક્કર લીધી અને વીરગતિ પામ્યા.

સૌથી વધુ શૌર્ય બતાવ્યુ લાઠીના ગરાશિયા દરબાર હમિરસિંહ ગોહિલા. માત્ર ઓગણિસ વર્ષની ઉમરના એ ફુટડા જુવાને માત્ર અઢિસો જેટલા યોધ્ધાઓ સાથે ત્રણ લાખના લશ્કરની ઉપર તુટી પડ્યા. કહે છે કે લાઠીના યોધ્ધાઓએ જે જગ્યાએ અફઘાન સૈનની સાથે લડાઈ કરી ત્યાં અફઘાન લોહીની એક નદી ચાલુ થઈ ગઈ હતી. વીર હમિરજી ગોહિલ વિરતાપુર્વક લડી અંતે મોટી ફોજ સામે શહિદ થઈ ગયા. ઈતિહાસકારો નોંધે છે કે જયારે તંબુમાં બેસેલા મહમદ ગજનીને ખબર પડી કે માત્ર અઢિસો જેટલા ક્ષત્રિય યોધ્ધાઓએ હજારોની સંખ્યામાં અફઘાન સૈનિકોના માથા વધેરી દીધા ત્યારેં ચિંતામાં પડી તેના મુખ્ય સરદારોને હુકમ કર્યો કે આવા વધુ સૈનિકો કાઠિયાવાડથી આવે તે પહેલા લુંટ કરી નીકળી જવુ પડશે.

એક બાજુ ભીમદેવ સોલંકિ બીજી બાજુ લાઠીના વિર હમિરસિંહ ગોહિલ તો કચ્છના ઘોધા બાપા અને તેના પૌત્રો સામાન્ય માણસોની ફૌજ લઈ મહમદ ગજનીને પડકારવા તૈયાર હતા. ગજની લુંટ પછી એટલો ડરી ગયો હતો કે મુળ રુટ કરતા રણમાંથી ભાગી જવાનુ પસંદ કર્યું પરંતુ ઘોઘાબાપા અને તેના સૈન્યએ સિંધ સુધી ગજનીનો પીછો કરી મોટા ભાગનું સોનું પરત કર્યુ અને ગજનીના સેંકડો સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા.સૌથી મહત્વી વાત એ છે ke ભારત પર સેંકડો આક્રમણકારો આવ્યા પરંતુ ગુજરાતના ગરાસિયા દરબાર; રાજપૂતો અને કાઠી દરબારો ને તેઓ હરાવી શક્યા નહીં. ગરાસિયા દરબાર, કાઠી દરબાર અને રાજપૂત સમાજે એટલી વીરતા અને અપ્રિતમ શૌર્ય બતાવતું કે ગુજરાત ક્યારેય આક્રાંતઓ ના તાબા માં આવ્યું nahi.હવે વાત એક હજાર વર્ષ પછીની, ઓગણિસો ચાલીસમાં લેખકોના સરતાજ એવા કનૈયાલાલ મુન્શીએ જય સોમનાથ વાર્ત લખી. આ વાર્તા હિન્દુ પ્રતિશોધ અને હિન્દુઓએ એ સમયે દર્શાવેલા અભુતપુર્વ શુરવીરતાની કથા છે.


સરદાર પટેલ અને મુન્શીએ નક્કી કર્યુ કે સોમનાથ માત્ર મંદિર કે જ્યોરતલીંગ પરંતુ દરેક હિન્દુનું આસ્થાનુ પ્રતિક છે. અને ઓગણિસો પચાસમાં એક ભવ્ય મંદિરનુ નિર્માણ થયુ.

હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધર, પરિવારનો ત્યાગ ચાર પાંચ વસ્તુઓ માટે કર્યો હતો. પ્રથમ રામ મંદિર, પછી 370 કલમ, પાકિસ્તાનને ધુળમાં મેળવી દેવુ અને સોમનાથ જેવા ભવ્ય મંદિરોની એક હજાર વર્ષ પહેલા જેવુ ભવ્ય દિવ્ય બનાવવું. મોદી સાહેબે દેશના કરોડો લોકોના આ તમામ સ્વપ્નોને પરિપુર્ણ કરી દીધા.સોમનાથ સ્વાભિમાન પર્વ નિમીત્તે સોમનાથનો જે ઝળહળાટ હતો તે એક હજાર વર્ષ પહેલા , હુમલા પહેલા જેવો હતો તેનાથી પણ ભવ્ય અને દિવ્ય હતો. સ્વર્ગથી મુન્શી અને સરદાર પણ આશિષ વર્ષાવતા હશે કે વાહ મોદી સાહેબ વાહ, કરી બતાવ્યુ. હિન્દુઓના ગૌરવને પુન પ્રસ્થાપીત થતા જોવાનો લ્હાવો સૌને મળ્યો અને સોમનાથ હજારો વર્ષથી જે ભવ્ય દિવ્ય હતુ તે સ્થીતીમાં સ્થાપીત થયુ.

સોમનાથની આ ઝગમગતી રોશની અને ભવ્યતા એ સાબિત કરે છે કે , રાજય હારી શકે છે. મંદિરને તોડી શકાય છે પરંતુ સનાતન ધર્મ, સંસ્કૃતિ અને શ્રધ્ધા કાયમ ટકી રહે છે.જય હો સોમનાથ મહાદેવનો...જય હો મુન્શી અને સરદાર અને જયો મોદી અને તેની સાથે આકાશમાં ડ્રોન ઉડાડનાર મીત્રોનો...


લેખક. પ્રસિધ્ધ ટિવી જર્નાલીસ્ટ અને ટીવી 13 ગુજરાતીના એસોસિએટ એડિટર છે. વોટ્સઅપથી પ્રતિભાવ માટે-9909941536

# સાવરકુંડલા ની આસ્થારૂપ નાવલી નદીના નામે એસટી બસના નામ રાખવા નાયબ મુખ્યમંત્રીને રજૂઆત કરતા સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી કસવાલા..



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખી રજૂઆત કરી હતી કે જુનાગઢ ડિવિઝનમાં ગિરનાર ભાવનગર ડિવિઝનમાં શેત્રુંજય અમદાવાદ ડિવિઝનમાં સાબરમતી જેવા નામોથી ઓળખ મળી છે ત્યારે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં શહેરમાંથી પસાર થતી નાવલી નવલગંગા માત્ર નદી નહીં પરંતુ એક મા સમાન છે ત્યારે આ નદીને ઈતિહાસ પણ વર્ષો પુરાણા છે અને લોકોની આસ્થા પણ જોડાયેલી છે ત્યારે અમરેલી જિલ્લા અથવા સાવરકુંડલા એસટી ડેપોમાં ચાલતી બસને નાવલી નામ આપવામાં આવે તો અમરેલી જિલ્લાના આસ્થા સાથે ગૌરવ લઈ શકાય તેવી બાબત છે અને સાવરકુંડલા એસટી ડેપો દ્વારા ચાલતી બસને નાવલી અથવા નવલ ગંગા નું નામ આપવા માટે લોકો તરફથી રજૂઆતો મળેલ છે તેથી અમારું સૂચનને ધ્યાને લઈ નાવલી અથવા નવલ ગંગા નામ રાખવા નાયબ મુખ્યમંત્રી ને રજૂઆત સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી કસવાલા એ કરી હતી અને સાવરકુંડલા લોકોએ પણ જણાવ્યું હતું કે સાવરકુંડલાની માટી આજે ગર્વથી ભીની છે કારણ કે શૌર્યની ઓળખ "નાવલી"ને રાજ્યમાં અવાજ આપનાર સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા આ વિસ્તારના નેતા નહીં પરંતુ આ વિસ્તારના સાચા બેટા આપ છો આ વિસ્તારના હજારો વૃદ્ધો અને વડીલોના આશીર્વાદ સદા આપની સાથે છે, અને એ આશીર્વાદથી જ અમરેલીનો અવાજ રાજ્યમાં ગુંજે છે.અમરેલીની આત્માને સન્માન આપનાર ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનો હૃદયભર્યો, ગર્વભર્યો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



## "પિતા બેટી સન્માન કાર્યક્રમ" અંતર્ગત સાવરકુંડલા, શ્રી બ્રાન્ચ શાળા નંબર 2 કન્યાશાળામાં માતા-પિતા નું સન્માન દીકરીઓ દ્વારા તેમનું પૂજન કરવામાં આવ્યું







■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

"પિતા બેટી સન્માન કાર્યક્રમ"અંતર્ગત સાવરકુંડલા, શ્રી બ્રાન્ચ શાળા નંબર 2 કન્યા શાળામાં માતા-પિતા નુંસન્માન દીકરીઓ દ્વારા તેમનું પૂજન કરવામાં આવ્યું હતું, અને માતા પિતા ના આશીર્વાદ લીધા હતા,અને પિતા પોતાની બેટી એટલે કે પોતાની દીકરીને શું ભણવું છે? કેમ આગળ વધવું છે? તે અંતર્ગત તેઓનું આજે એક વાલી સંમેલન શાળા નંબર 2 માં યોજવામાં આવેલ, અને અને ધોરણ 6થી 8 ની દીકરીઓએ પોતાના માતા-પિતા નો પૂજન અર્ચન કરેલ ,તેમના આશીર્વાદ મેળવેલ, અને માતા પિતાએ એમને વચન આપેલ, કે દીકરીઓ તમારે જેટલો અભ્યાસ કરવો હોય તે અમે તમને પૂરેપૂરો સપોર્ટ આપશુ,અને તમારે ચિત્રમાં રસ હોય તમારે અભિનય માં રસ રુચિ હોય, ડ્રોઈંગમાં રસ હોય, ઈવન કોઈ પણ અન્ય એક્ટિવિટીઝ માં રસ હોય, એ પણ અમે તમને પૂરેપૂરો સપોર્ટ આપશું ,તેમજ એજ્યુકેશનમાં પણ તમારી જ્યાં સુધી ભણવું હોય, ત્યાં સુધી પૂરેપૂરો સપોર્ટ આપશુ .એવું દરેક માતા-પિતાઓએ પોતાની દીકરીઓને ગર્વાનવિત કરેલ હતા.

## સાવરકુંડલાની S.M.G.K સ્કૂલમાં આંખ ના કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



આજ રોજ તારીખ 07/01/2026 બુધવાર નાં રોજ સાવરકુંડલા તાલુકા આર.બી.એસ.કે. ટીમ દ્વારા S.M.G.K સંકુલ ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત 18 વર્ષ સુધીના તમામ બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર વિનામૂલ્યે કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારીઅને તાલુકા હેલ્થ ઓફિસર ડો.એસ.આર.મીના સાહેબ ના માર્ગદર્શન અને સૂચના અન્વયે સાવરકુંડલા તાલુકાના આર.બી.એસ.કે. ટીમના ડોકટર જીગ્ના પટેલ, ડોકટર નિસાર સંવટ, ફાર્માસિસ્ટ અફઝલ ખોરાણી, નર્સ રોજીબેન ચૌહાણ તથા ઓપ્થેલ્મીક આસિસ્ટન્ટ હાર્દિકભાઈ પટેલ દ્વારા શાળા સ્ટાફના સહયોગથી બાળકોના આંખના નંબરની તપાસ કરવામાં આવેલ અને નંબર વાળા બાળકોને ટૂંક સમયમાં સરકાર તરફથી ફ્રીમાં ચશ્મા આપવામાં આવશે.

## ગુજરાત જમીન મહેસૂલ કાયદા હેઠળ

# 'ટુકડા ધારો'

(Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1948)



કાયદાની કલમે...

**નિલેશભાઈ એન. ચૌહાણ**
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

વાંચક મિત્રો,આજે આપણે જમીનના ટુકડા ધારા વિશે ટૂંકમાં સમજીશું.

આ કાયદો જમીનના નાના-નાના ટુકડા થતા અટકાવવા માટેનો મહત્વનો કાયદો છે.

સરળ ભાષામાં કહીએ તો, ખેતીની જમીન એટલી નાની ન થઈ જાય કે તેમાં ખેતી કરવી આર્થિક રીતે પોસાય નહીં, તે હેતુથી આ ધારો અમલમાં મૂકવામાં આવ્યો છે.

૧.ટુકડા ધારો એટલે શું?

જ્યારે ખેતીની જમીનનું કદ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી લઘુત્તમ મર્યાદા (Standard Area) થી ઓછું હોય, ત્યારે તેને *'ટુકડો'* કહેવામાં આવે છે. આવા નાના ટુકડાઓનું વેચાણ કે હસ્તાંતરણ કરવા પર આ કાયદો પ્રતિબંધ મૂકે છે જેથી ખેતી બિનકાર્યક્ષમ ન બને.

૨. આ કાયદો કઈ સ્થિતિમાં લાગુ પડે છે?

ટુકડા ધારો મુખ્યત્વે નીચેની પરિસ્થિતિઓમાં લાગુ પડે છે:* *વેચાણ વખતે:* જો તમે તમારી જમીનનો એક નાનો ભાગ (જે સરકારના નક્કી કરેલા માપથી ઓછો હોય) કોઈને વેચવા માંગતા હોવ, તો તેની નોંધણી (Registration) થઈ શકતી નથી.

*વારસાઈ વખતે: પિતાના મૃત્યુ બાદ જો જમીનના ભાગલા પાડતી વખતે દરેક વારસદારના હિસ્સે આવતી જમીન 'ટુકડા' સમાન (લઘુત્તમ મર્યાદાથી ઓછી) થતી હોય, તો રેવન્યુ રેકોર્ડમાં તે ટુકડા તરીકે નોંધાય છે.

*અડોશ-પડોશની જમીન: જો કોઈ ટુકડો વેચવો હોય, તો તે ફરજિયાતપણે બાજુની જમીન ધરાવતા ખેડૂતને જ વેચી શકાય છે જેથી બે નાના ટુકડા મળીને એક મોટી જમીન બને. લઘુત્તમ મર્યાદા (Standard Area) કેટલી હોય?સરકાર દ્વારા દરેક વિસ્તાર (જીલ્લા/તાલુકા) અને જમીનના પ્રકાર (પિયત કે બિન-પિયત) મુજબ અલગ-અલગ માપ નક્કી કરેલા હોય છે. સામાન્ય રીતે:

*જિરાયત (બિન-પિયત) જમીન: ૨ એકર (અંદાજિત).

*બાગાયત (પિયત) જમીન: ૨૦ ગુંઠા કે ૧૦ ગુંઠા (વિસ્તાર મુજબ અલગ હોઈ શકે).

ટુકડા ધારાની અસરો

1. નોંધણીમાં મુશ્કેલી: જો ટુકડા ધારનો ભંગ કરીને દસ્તાવેજ કરવામાં આવે, તો મામલતદાર આવી નોંધ *નામંજૂર* કરી શકે છે.

2. દંડની જોગવાઈ: ટુકડા ધારનો ભંગ કરવા બદલ સરકાર દંડ કરી શકે છે અને ખેડૂતને મૂળ સ્થિતિમાં જમીન લાવવા આદેશ આપી શકે છે.

3. ૭/૧૨ માં નોંધ: જો જમીન ટુકડો હોય, તો ૭/૧૨ ના ઉતારામાં 'ટુકડો' અથવા 'Prevention of Fragmentation Act' નો ઉલ્લેખ કરવામાં આવે છે. લેટેસ્ટ સુધારો (ખેડૂતો માટે રાહત)ગુજરાત સરકારે તાજેતરમાં ટુકડા ધારમાં અમુક છૂટછાટ આપી છે:

જો બાજુની જમીનનો માલિક તે ટુકડો ખરીદે, તો તેને મંજૂરી આપવામાં આવે છે કારણ કે તેનાથી 'ચકબંધી' (Consolidation) થાય છે.* રહેણાક હેતુ માટે કે બિન-ખેતી (NA) થયેલી જમીન પર હવે ટુકડા ધારો લાગુ પડતો નથી.

# કાણકિયા કોલેજ ખાતે નટવરભાઈ ગાંધી નું 'સંવાદ-વકતવ્ય' યોજાયું...

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત સાવરકુંડલા સ્થિત શ્રી વી.ડી. કાણકિયા આર્ટસ અને શ્રી એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે આજેતા. 10 જાન્યુઆરી શનિવારે મૂળ સાવરકુંડલાના હાલ અમેરિકા સ્થિત એવા પ્રખર વિચારક,કવિ-લેખક શ્રી નટવરભાઈ ગાંધીનું વકતવ્ય યોજાયું. હાલ સાવરકુંડલા ખાતે 'પર્વ પૂર્ણિમા'નો એક ભવ્ય કાર્યક્રમ યોજાઇ રહ્યો છે કે જેમાં શ્રી નટવરભાઈ ગાંધી મુખ્ય અતિથિ તરીકે આવેલ છે. અને તેમની આત્મકથા "એક અજાણ્યા ગાંધી - શ્રી નટવરભાઈ ગાંધી" પર જીલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધાનું પરિણામ જાહેર કરી અને ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ આ 'પર્વ પૂર્ણિમા' નિમિત્તે યોજવાનો છે. તો સાવરકુંડલાના પનોતા પુત્ર એવા નટવરભાઈ ગાંધી એ આજે કાણકિયા કોલેજ ખાતે આર્ટસ કોમર્સના વિદ્યાર્થીઓ સાથે વક્તવ્ય સાથે સંવાદ કર્યો.

સાવરકુંડલા થી મુંબઈ અને મુંબઈથી અમેરિકાની એમની જીવન યાત્રા કેટલી સંઘર્ષમય રહી અને વિદ્યાર્થીઓને તેમાંથી પ્રેરણા મળી શકે તેવું માર્ગદર્શન કર્યું અને ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી. વિદ્યાર્થીઓના પ્રશ્નોનું ખૂબ સુંદર રીતે સમજૂતી સાથે સંતોષકારક જવાબો આપ્યા હતા. તેમની સાથે સાથે એમના અનુજશ્રી દિલીપભાઈ ગાંધી, તેમના ભગીની અને અન્ય પરિવારજનોની પ્રેરક ઉપસ્થિતિ રહી.આ તકે પ્રસિદ્ધ હાસ્ય લેખક અને ગુજરાતી સાહિત્યના રત્ન કહી શકાય એવા આદરણીય શ્રી રતિલાલભાઈ બોરીસાગરની પણ વિશેષ ઉપસ્થિતિ રહી. તેમણે પણ વિનંતી ગ્રાહ્ય રાખીને વિદ્યાર્થીઓની સાથે હાસ્યરસની હળવાશભરી વાતો કરી હતી અને નટવરભાઈ ગાંધીને મળવાની આ તક એ વિદ્યાર્થીઓ માટે સુવર્ણ કહી શકાય તે બાબતે પણ પ્રકાશ પાડ્યો હતો. નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી વિનુભાઈ રાવળ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન કોલેજના આચાર્ય શ્રી ડૉ. એસ.સી રવિયાસાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.

ધડુક અર્ષિતાબેને એક સુંદર ગીત રજૂ કર્યું હતું અને જીલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધાના પ્રથમ અને તૃતીય વિજેતાઓ ટાંક કૃપાલીબેન અને ચાંદૂ રિદ્ધિબેને પણ આ આત્મકથાના પુસ્તક વાંચન તથા નિબંધ લેખન બાદ ઘણી બધી પ્રેરણાઓ પોતાના જીવનમાં મળી તે અંગે નટવરભાઈ ગાંધીની હાજરીમાં જ ધન્યતા પોતાના શબ્દોમાં વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આધ્યાપકગણ, નોન ટીચિંગ સ્ટાફ વગેરે તમામ લોકોએ ખૂબ સારી જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાની શાળા નંબર 4 માં આધ્યાત્મિક ઓરા સાયન્સ નો પ્રયોગ કરવામાં આવ્યો..

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



આખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત DIYA SK GRUP ડીવાઈન ઇન્ડીયા યુથ એસોશિયન દ્વારા સાવરકુંડલા ની શાળા નંબર ૪ માં ."ધોરણ-1 થી 8 માં પ્રા.શાળામાં" ત્રિવેણી સંગમ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.જેમાં જનજાગૃતિ..સારી વર્તુણક.. તેમજ AURA SCIENCE..વ્યસનમુક્તિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.જનજાગૃતિ અભિયાન અંતર્ગત ગોષ્ઠી કરવામાં આવી. જેમાં વ્યસન મુક્તિ આહારવિહાર તેમજ AURA સાયન્સ , યોગ વિશે , પોઝીટીવ થીંકીંગ તેમજ વિચાર વિજ્ઞાન,તેમજ અન્ય વિષય પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.તેમજ વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.આચાર્ય શ્રી પૂજા બેન જોષી દ્વારા ગાયત્રી પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તેમજ આગામી દિવસોમાં અન્ય કાર્યક્રમ કરવાનું સૂચન કરવામાં આવ્યું.તમામ કાર્યક્રમનું સંચાલન DIYA SK GRUP ના મેમ્બર વિપુલ ભાઈ બોરીસાગર કન્વીનરદ્વારા કરવામાં આવ્યું..કાર્યક્રમને સફળ બનાવવા માટે જેમલભાઈ જસાણી તથા દેવાંગભાઈ વ્યાસ તેમજ શાળાનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.ગાયત્રી પરિવાર દ્વારા શાળા પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે ઈન્ટરકલાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા સ્થિત નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે. કે. હાઈસ્કૂલમાં તારીખ 9 અને 10 જાન્યુઆરી 2026ના રોજ વિદ્યાર્થીઓમાં ખેલભાવના, ટીમ સ્પિરિટ અને શારીરિક તંદુરસ્તી વિકસે તે હેતુથી ઈન્ટરકલાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું.આ ટુર્નામેન્ટનું આયોજન વિપુલભાઈ દવે, સાગરભાઈ વાડોદરીયા, અજયભાઈ ચાવડા તથા રાહુલભાઈ ડાભી દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજનમાં પરબતભાઈ કડછા અને જાગૃતભાઈ દવેએ સહાયક તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમને શાળાના પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયા તરફથી પ્રોત્સાહન અને માર્ગદર્શન મળ્યું હતું.

ટુર્નામેન્ટમાં સાયન્સ ઈલેવન, કોમર્સ ઈલેવન, આર્ટસ ઈલેવન તથા સેકન્ડરી ઈલેવન એમ ચાર ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ આર્ટસ ઈલેવન અને સેકન્ડરી ઈલેવન વચ્ચે રમાઈ, જેમાં શાનદાર પ્રદર્શન સાથે આર્ટસ ઈલેવન ટીમ વિજેતા બની હતી.સમગ્ર ટૂર્નામેટની કોમેન્ટરી રસાળ અને હસાળ શૈલીમાં શાળાના પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયા, શિક્ષક શ્રી જાગૃતભાઈ દવે અને વિક્રમભાઈ ભમ્મરે કરી હતી.

વિજેતા બનેલી આર્ટસ ઈલેવન ટીમને પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયા તથા આયોજનકર્તાઓના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી, જેના દ્વારા ખેલાડીઓનું મનોબળ વધુ ઉંચું થયું હતું.ફાઈનલ બાદ વિજેતા ટીમ આર્ટસ ઈલેવન અને શિક્ષક સ્ટાફ ઈલેવન વચ્ચે એક રસપ્રદ ફ્રેન્ડલી મેચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષક સ્ટાફ ઈલેવન ટીમનું નેતૃત્વ સ્વયં પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયાએ કર્યું હતું, જે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક ક્ષણ બની રહી.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના અન્ય તમામ વિદ્યાર્થીઓએ પ્રેક્ષક બનીને તમામ ટીમોનો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ શાળાના તમામ શિક્ષકગણનો










સહકાર અને માર્ગદર્શન નોંધપાત્ર રહ્યું હતું.

આ કાર્યક્રમને સફળતા માટે નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રીમતિ ચંદ્રિકાબેન કામદાર, ઉ.પ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા,મે.ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટીગણે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ

મફતમાં કરી
આપવામાં આવશે.

શિવમ

ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧



ઉપલબ્ધ સુવિધાઓ

ડો. ચિરાગ પરમાર
M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં
- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઇન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

ડો. વૈભવી પરમાર
M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં
- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઇમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઇ લેવી.




■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકામાં રૂ. 1.85 કરોડના ખર્ચે બની રહેલા ગાધકડા વિજયાનગર રોડના વિકાસ કાર્યનું સ્થળ પર જઈ નિરીક્ષણ સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ કર્યું હતું અને અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. આ તકે સાવરકુંડલા શહેર અને તાલુકાના કાર્યકર્તાઓ હોદ્દેદારો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સમગ્ર જિલ્લામાં તા. ૨૦ જાન્યુઆરી,૨૦૨૬ સુધી કરૂણા અભિયાન-૨૦૨૬નું આયોજન

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સમગ્ર જિલ્લામાં આવતીકાલથી તા. ૨૦ જાન્યુઆરી,૨૦૨૬ સુધી કરૂણા અભિયાન-૨૦૨૬ યોજાશે. આ અભિયાન અન્વયે અબોલ પક્ષીઓનું રક્ષણ અને વિવિધ પ્રકારના પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે તે માટે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. ૧૯૬૨, વન વિભાગ હેલ્પ લાઈન નં. ૧૯૨૬ તેમજ વ્હોટ્સએપ હેલ્પ લાઈન નં. ૮૩૨૦૦ ૦૨૦૦૦ જાહેર કરવામાં આવ્યો છે.કરૂણા અભિયાન અન્વયે કુલ ૨૦ જેટલા કલેક્શન અને સારવાર કેન્દ્રોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ફોરેસ્ટ કલેક્શન સેન્ટરની યાદી મુજબ વન ચેતના કેન્દ્ર, અમરેલી, મુંજીયાસર ડેમ નર્સરી, બાબરા ફોરેસ્ટ કોલોની, કરિયાણા રોડ-બાબરા, બાબરા રામપરા નર્સરી, દામનગર નર્સરી, રેસીડેન્ટ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી-લાઠી, તુલસીશ્યામ રેંજ-ખાંભા ઉપરાંત સારવાર કેન્દ્રોની યાદી મુજબ ગીર પૂર્વ વન વિભાગ-વેકરીયાપરા ધારી,વન્યજીવ રેંજ લીલીયા, એનિમલ કેર સેન્ટર બાબરકોટ કેન્દ્રો ખાતે કલેકશન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. સારવાર કેન્દ્ર પશુ ચિકિત્સાલયની યાદી મુજબ બાબરા, કુંકાવાવ, રાજુલા, લાઠી, દામનગર, અમરેલી અને બાબરા પશુ દવાખાના ખાતે સારવાર ઉપલબ્ધ રહેશે. ઉપરાંત વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા ખાતે એન.જી.ઓ દ્વારા કલેક્શન સેન્ટર કાર્યરત રહેશે. સમગ્ર જીલ્લામાં યુવાઓ,નાગરિકોને નમ્ર અપીલ છે કે, પતંગ ઉડાડવા માટે પ્લાસ્ટીક કે, સીન્થેટીક તેમજ ચાઈનીઝ સહિતના દોરાનો ઉપયોગ ન કરીએ કે, તે પ્રકારના દોરાની ખરીદી પણ ન કરીએ, પક્ષીઓના વિહરવાના સમયે એટલે કે, સવારના ૭ થી ૯ વાગ્યા સુધી તેમજ સાંજે પક્ષીઓ માળામાં પરત ફરવાના સમયે સાંજના ૫ થી ૮ વાગ્યા સુધી પતંગો ઉડાડવા માટે સાવચેતી રાખીએ અથવા તો પતંગો ન ઉડાડવા અપીલ છે.

# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે શાંતબા મેડિકલ કોલેજ દ્વારા નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ સંપન્ન

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા





મહંત શ્રી નારાયણ દાસસાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલા કેમ્પમાં 70 થી વધુ દર્દીઓને અપાઈ વિનામૂલ્યે તપાસ અને દવાઓગજેરા ટ્રસ્ટ સંચાલિત શાંતબા મેડિકલ કોલેજ અમરેલીના સહયોગથી 70 થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓએ લીધો લાભસાવરકુંડલા:ગજેરા ટ્રસ્ટ સંચાલિત શાંતબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ, અમરેલી ના કોમ્યુનિટી મેડિસિન વિભાગ તેમજ ગ્રામીણ આરોગ્ય તાલીમ કેન્દ્ર (RHTC) દ્વારા સાવરકુંડલાના કબીર ટેકરી વિસ્તારમાં માનવતાના હેતુથી નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનો શુભારંભ કબીર ટેકરીના મહંત શ્રી નારાયણ દાસસાહેબના અધ્યક્ષસ્થાનેથી કરવામાં આવ્યો હતોઆ કેમ્પમાં નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓની સઘન તપાસ કરવામાં આવી હતી. સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે નીચે મુજબની સુવિધાઓ સ્થળ પર જ ઉપલબ્ધ કરાવાઈ હતી લેબોરેટરી તપાસ: ડાયાબિટીસ (સુગર) અને હિમોગ્લોબિન (લોહીની ટકાવારી) ની તપાસ. શારીરિક તપાસ: બ્લડ પ્રેશર (B.P.) અને સામાન્ય રોગો (તાવ, શરદી, ઉધરસ) નું નિદાન.

વિનામૂલ્યે દવાઓ: તપાસ બાદ જરૂરી તમામ દવાઓ દર્દીઓને સ્થળ પર જ મફત આપવામાં આવી હતી.લોકસેવાને બિરદાવતા મહંતશ્રીઆ પ્રસંગે કબીર ટેકરીના મહંત શ્રી નારાયણ દાસસાહેબે ગજેરા ટ્રસ્ટ અને શાંતબા મેડિકલ કોલેજની આ ઉમદા કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, "છેવાડાના માનવી સુધી ઉત્તમ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવી એ જ સાચી પ્રભુ સેવા છે." સ્થાનિક રહીશોએ પણ સંસ્થાની આ નિ:શુલ્ક સેવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સુંદર આયોજન અને પ્રતિસાદ કેમ્પમાં વહેલી સવારથી જ લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કુલ 70 થી વધુ દર્દીઓએ આ શિબિરનો લાભ લીધો હતો. સમગ્ર કેમ્પ દરમિયાન વ્યવસ્થા ખૂબ જ શિસ્તબદ્ધ રહી હતી, જેથી ગ્રામીણ અને આસપાસના વિસ્તારના જરૂરિયાતમંદ લોકો ઘરઆંગણે જ તબીબી સલાહ મેળવી શક્યા હતા.ગજેરા ટ્રસ્ટ દ્વારા સમયાંતરે કરવામાં આવતી આવી સામાજિક અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

# સાવરકુંડલાની સંસ્કાર વિદ્યાલય ખાતે ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો...





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત ડીવાઈન ઈન્ડીયન યુથ એસોસિયન આયોજિત ધોરણ-1 થી 8 માં.."સંસ્કાર વિદ્યાલય પ્રા.શાળામાં ત્રિવેણી સંગમ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. DIYA SK ગ્રુપ દ્વારા સંસ્કાર વિદ્યાલય પ્રા. શાળા"ની અંદર જનજાગૃતિ અભિયાન અંતર્ગત ગોષ્ઠી કરવામાં આવી. જેમાં વ્યસન મુક્તિ આહારવિહાર તેમજ AURA સાયન્સ , યોગ વિશે , પોઝીટીવ થીંકીંગ તેમજ વિચાર વિજ્ઞાન,તેમજ અન્ય વિષય પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.તેમજ વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.આચાર્ય શ્રી કેતન ભાઈ રાવલ દ્વારા ગાયત્રી પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. તેમજ આગામી દિવસોમાં અન્ય કાર્યક્રમ કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું.


તમામ કાર્યક્રમનું સંચાલન DIYA SK GRUP ના મેમ્બર વિપુલ ભાઈ બોરીસાગર કન્વીનર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમીબેન તેમજ શાળાનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.ગાયત્રી પરિવાર દ્વારા શાળાના ટ્રસ્ટી શ્રી ઓનો તથા શિક્ષકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# અમરેલી-લીલીયા સ્ટેટ હાઈવે વાઈડિંગ કામગીરીમાં ગંભીર ગેરરીતી અને રોડ સેફટીના અભાવે લોકોના જીવ જોખમમાં...

## પ્રતાપ દુધાત

અમરેલી જિલ્લાની અમરેલી થી લીલીયા વચ્ચે ચાલતી સ્ટેટ હાઈવે વાઈડિંગ તથા રોડ પહોળા કરવાની કામગીરીમાં ભારે ગેરરીતી, અત્યંત ધીમી ગતિ અને રોડ સેફટીના નિયમોના ખુલેઆમ ભંગ થવાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપ દુધાતે જણાવ્યું છે.



અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
AMRELI DISTRICT CONGRESS COMMITTEE
પ્રમુખ : પ્રતાપ દુધાત (પૂર્વ ધારાસભ્ય, સાવરકુંડલા, લીલીયા)
મો. 98790 03200 તા. ૨૦/૦૨/૨૦૨૬
કાર્યાલય: જુના માર્કેટીંગ યાર્ડ અંદર, અમરેલી

તેમણે જણાવ્યું કે આ રોડનું કામ બે પેકેજમાં ચાલી રહ્યું છે. પેકેજ૧ અંતર્ગત અમરેલી થી અંદાજે ૬ કિ.મી. લાલાવદર સુધીની કામગીરીને અઢી વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પૂર્ણ કરવામાં આવી નથી. રોડ પર અયોગ્ય રીતે રાખવામાં આવેલ ડ્રાયવજનના કારણે છેલ્લા લાંબા સમયથી લોકો ધૂળ, આરોગ્ય સમસ્યાઓ અને ભારે અસુવિધાનો સામનો કરી રહ્યા છે. રોડ સેફટીના કોઈ નિયમોનું પાલન થતું નથી.

તેમજ પેકેજ૨ અંતર્ગત લાલાવદર થી લીલીયા સુધી બ્રિજ અને સી.સી. રોડની કામગીરી દરમિયાન પણ જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓનો અભાવ જોવા મળે છે. જેના કારણે વાહનચાલકો, રાહદારીઓ તથા વિદ્યાર્થીઓ માટે ગંભીર જોખમ ઉભું થયું છે અને અકસ્માતો તેમજ મૃત્યુના બનાવો પણ સામે આવ્યા છે.

શ્રી દુધાતે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે બંને પેકેજની કામગીરી સરકારશ્રીની ગાઈડલાઈન્સ અને નીતિ-નિયમો મુજબ થતી નથી. કામો નિર્ધારિત સમયમર્યાદા કરતાં ઘણો વધુ સમય વિત્યા છતાં અધૂરા છે, તેમ છતાં જવાબદાર એજન્સીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, જે આશ્ચર્યજનક અને ચિંતાજનક બાબત છે.

આ બાબતે તેમણે માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ કરાવી જવાબદાર એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરવા, રોડ સેફટીના નિયમો મુજબ ડ્રાયવજનનું સંચાલન કરવા અને કામો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરાવવાની માંગ કરી છે.

જો સરકારશ્રી દ્વારા તાત્કાલિક યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો જનહિતમાં કોંગ્રેસ પક્ષ દ્વારા વધુ ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી પણ શ્રી પ્રતાપ દુધાતે ઉચ્ચારી છે.




# ગુજરાતમાં 427 વન રક્ષકોને વનપાલ તરીકે બઢતી અપાઈ..

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે વન અને પર્યાવરણ વિભાગના કર્મચારીઓને નવા વર્ષની ભેટ આપી છે. વન અને પર્યાવરણ વિભાગના કર્મચારીઓ માટે આ ખુશીના સમાચાર છે. ખુશીનું કારણ એ છે કે, રાજ્ય સરકારે વર્ગ ત્રણના 425 વનરક્ષક કર્મચારીઓને વર્ગ ત્રણમાં વનપાલના પદ પર બઢતી આપી છે.

બઢતીના ઓર્ડર આવતા નવ વિભાગના કર્મચારીઓમાં ખુશીની લહેર છવાઈ છે.એક અઠવાડિયા પછી અરણ્ય ભવન દ્વારા કર્મચારીઓની બદલી પણ થશે.

ત્યારે ગુજરાત વન વિભાગ એ રાજ્યના વન અને વન્યજીવ સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે ઐતિહાસિક પગલું ભર્યું છે વિભાગે એક જ આદેશમાં 427 વનરક્ષકો એટલે કે બીટગાર્ડ અને વનપાલ એટલે કે ફોરેસ્ટર તરીકે બઢતી આપી છે આ વિભાગના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો બઢતીનો આદેશ પણ કહેવાય રહ્યો છે.

# MY CHILD FUTURE PART -1

શ્રીમદ ભગવત ગીતા માં ભગવાન શ્રી કૃષ્ણ એ **कर्मण्येवाधिकारस्ते मां फ्लैशु कदाचन ।** દ્વારા કર્મ ફળ નો મહિમા કહ્યો છે.ત્યારે સાચા અર્થ માં તો અનેકોનેક જન્મો ના શુભાશુભ ફળ ના પરિપાક સ્વરૂપે આપણો જન્મ "માનવ" તરીકે આ પૃથ્વી ઉપર થયો છે.અવતરણ થયું છે.

આજ ના આ યુગ માં બાળક ના શુભ જન્મ થતા ની સાથે જ તેના માતા પિતા ને મારું બાળક મોટો બની ને શું થશે???આ યક્ષ પ્રશ્ન તેના માનસ માં સતત ચાલતો હોય છે.આ બાબતે એસ્ટ્રોલોજી (જ્યોતિષ) આપને અનેક અનેક જન્મ કુંડળીઓ ના અભ્યાસ ના આધારે ફલિત ભાવ ફળ દ્વારા આપણા બાળક ના ફ્યુચર વિશે સંકેત કરી શકે છે.

અગાઉ ના બે લેખો માં જન્મ કુંડળી ના ક્યાં ભાવ ના આધારે શું જોવું.તે જણાવી ગયા છે.તે બાબત આપને આ લેખ માં સહાય રૂપ બનશે.

(1) એન્જિનિયર:- મંગળ અને શનિ જેવા ગ્રહો વિદ્યા અને કર્મ ભાવે ઉચ્ચ ના કે સ્વગૃહી હોય તો એન્જિનિયરિંગ ની લાઇન માં સફળતા મળે છે.તેમાં પણ બુધ અને શુક્ર ની શુભ યુતિ કોમ્પ્યુટર એન્જિનિયર,શનિ મિકેનિકલ એન્જિનિયર અને મંગળ કેમિકલ એન્જીનીયરીંગ લાઇન માં સવિશેષ રસ આપે છે.

(2)ડોક્ટર:- છઠ્ઠા રોગ સ્થાન માં આઠમાં આયુષ્ય ભાવ માં કે દસમા કર્મ ભાવ માં આ શનિ તેને ધોરણ બાર માં અભ્યાસ ગ્રુપ માં મેડિકલ લાઇન આપે છે. છઠ્ઠા ભાવ નો દેવગુરુ બૃહસ્પતિ આયુર્વેદિક ની લાઇન માં આગળ વધારે છે.

(3) પ્રોફેસર:- વાણી નો અધિપતિ ગણાતો બુધ જયારે બૃહસ્પતિ ગુરુ સાથે યુતિ (એક જ સ્થાન માં હોવું) કરી ને કેન્દ્ર ભાવ માં કે પાંચમાં વિદ્યા ના ભાવ માં હોય તો જે તે ક્ષેત્ર માં પ્રોફેસર ની લાઇન આપી શકે છે.

(4)વકીલ:- ન્યાય નો અધિપતિ શનિ, ગુરુ કે મંગળ સાથે શત્રુ,કોર્ટ કચેરી ના છઠ્ઠા ભાવ,વ્યવસાય ના સાતમા ભાવ માં કે દસમા કર્મ ભાવે ઉચ્ચ ના કે સ્વગૃહી બની ને બેઠા હોય તો બાળક ને નાનપણ થી ન્યાય ના ક્ષેત્ર માં રસ જોવા મળશે.મોટો થઈ આ બાળક વકીલ બનશે.તેમાં પણ બુધ મહારાજ નો સાથ મળશે તો સેલ ટેક્સ ઈનકમ ટેક્સ ની લાઇન માં સફળતા જરૂર આપે છે.

(5)ન્યાયધીશ:- પાંચમાં બુધ્ધિ ના ભાવ માં સ્થિત સૂર્ય દસમા કર્મ ભાવ ની સાથે સંબંધ દર્શાવતો હોય તો તેને ગુરુ શનિ સાથે યુતિ કે દ્રષ્ટિ યોગ હોય તો આ વ્યક્તિ વકીલાત ના ક્ષેત્ર માં થી પ્રગતિ કરી ન્યાયધીશ બની શકે છે.મોટા ભાગે ન્યાયધીશ ની જન્મ કુંડળી માં ન્યાય નો અધિપતિ શનિ ઉચ્ચનો સ્વગૃહી કે મિત્ર ક્ષેત્રી ગુરુ સાથે શુભ સંબંધ આપતો જોવા મળે છે.

(6) પત્રકાર:- ત્રીજા પરાક્રમ ભાવ,ચોથા સુખ ભાવ અને પાંચમાં વિદ્યા ભાવે સ્થિત વાણી નો અધિપતિ બુધ અને લેખન તથા અભિવ્યક્તિ નો અધિપતિ શુક્ર વ્યક્તિ ને ખૂબ સારા પત્રકાર બનાવે છે.મોટા ભાગ ના પત્રકારો અને એલાઉન્સરો ની જન્મ કુંડળી માં આ બાબત તપાસવા જેવી હોય છે.જે તેને આ લાઇન માં સફળતાઓ આપે છે.

(7)સ્પેશિયલિસ્ટ:- મેડિકલ લાઇન માં જે તે રોગો ના વિશેષ સ્પેશિયલિસ્ટ બનવા માટે (પોસ્ટ ગ્રેજ્યુએટ થી વિશેષ) શનિ,ગુરુ અને મંગળ નું પ્રથમ દેહભાવ, છઠ્ઠા રોગ સ્થાન અને પાંચમે વિદ્યા ભાવે સ્થિતિ તેને જે તે મેડિકલ ના વિષય માં માસ્ટરી આપે છે.

(8) દલાલી:- શનિ, ગુરુ કે રાહુ જેવા ગ્રહો દેહ ભાવ માં, આઠમાં (આકસ્મિક લાભ) ના ભાવે કે પાંચમાં ભાવ માં બુધ સાથે હોઈ વ્યક્તિ લેવડ દેવડ ની લાઇન માં વાણી ની કૃપા થી ધન ની પ્રાપ્તિ કરી શકે છે.

(9) કલાકાર:- અભિનય નો અધિપતિ શુક્ર બુધ સાથે પાંચમાં ભાવે હાસ્ય કલાકાર, દેહભાવ કે દસમા કર્મ ભાવે અથવા બીજા ધન ભાવે અભિનેતા અને અભિનય ના ક્ષેત્રે આગળ વધવા નો રસ્તો ખોલી આપે છે.પોતાની સ્વયમ ની પ્રતિભા દ્વારા તેઓ આગળ વધી શકે છે.

(10) સંગીતકાર:- ગીત સંગીત નું લાઇન માં સફળતા માટે બુધ,ગુરુ અને શુક્ર ની યુતિ દ્રષ્ટિ વ્યક્તિ ને સંગીત ની લાઇન માં સફળતા ન શિખરો ની સિદ્ધિ આપે છે.તેમાં પણ આ ગ્રહો ની દશા મહાદશાઓ માં તેને ખૂબ જ સફળતાઓ આપે છે.


અદ્ભુત જ્ઞાન થી આપણું બાળક કઈ લાઇન માં આગળ વધશે??,તેના ફ્યૂચર માટે તેને કઈ લાઇન માં આગળ વધારવો તેમાં ખૂબ મદદ મળી શકે છે.

(સવિશેષ આગળ ના અંકો માં મળતા રહીશું.... આજે...આટલું ઘણું...)

**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી** MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)
(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક) (સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800 - સાવરકુંડલા/ભાવનગર/બરોડા.



# સાવરકુંડલા માટે ઐતિહાસિક ગૌરવની ભેટ સાથે મળી સ્માર્ટ GIDCની ભેટ



**સાવરકુંડલાને ઔદ્યોગિક નગર બનાવવાના સંકલ્પને સાકાર કરવા બદલ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર માનતા : શ્રી કસવાલા**

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

વિશ્વભરમાં કાંટા ક્ષેત્રે સાવરકુંડલા નું નામ મોખરે છે કાંટા થી આગવી ઓળખ ઊભી કરનારા સાવરકુંડલાને વર્ષોથી જી.આઇ.ડી.સી.નું સ્વપ્ન સાકાર થયું છે રાજકોટ ખાતે યોજાયેલી રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજ્યના નવા 7 જિલ્લાઓ માટે સ્માર્ટ GIDCની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત અંતર્ગત અમરેલી જિલ્લાના સાવરકુંડલાને નવી સ્માર્ટ GIDC મળતા સમગ્ર વિસ્તારના વિકાસને નવી ગતિ સાથે સાવરકુંડલા શહેરને વિકાસની નવી ભેટ મળી હતી નવું સ્માર્ટ GIDC પ્રોજેક્ટ સાવરકુંડલા તાલુકાના બોઘરિયાણી (ધજડી) ખાતે 41 હેક્ટર જમીન પર વિકસાવવામાં આવશે આ પ્રોજેક્ટથી ઔદ્યોગિક રોકાણમાં વધારો થશે, સ્થાનિક યુવાનોને રોજગાર મળશે તેમજ સાવરકુંડલાનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત થશે તેવું સ્વપ્ન ટૂંકા દિવસોમાં સાકાર થઈ જશે સાથે સાથે સ્માર્ટ GIDCના બનવાથી સ્થાનિક યુવાનોને રોજગારી માટે બહાર નહીં જવું પડે અને

### સાવરકુંડલામાં ૪ લાખ ચો.મી (૧૦૦ એકર) માં સ્માર્ટ GIDC બનવાની મંજૂરી મળતા હરખની હેલી

રોજગારીની તકો મળશે અને ઔદ્યોગિક રોકાણમાં વધારો થશે, વેપાર અને વ્યવસાયને નવી ગતિ મળશે, ટ્રાન્સપોર્ટ, હોટલ, લોજિંગ, સર્વિસ સેક્ટરનો વિકાસ થશે તો સાવરકુંડલા ઔદ્યોગિક નગર તરીકે આગામી દિવસોમાં નવી ઓળખ સાથે સ્થાપિત થશે આ પ્રોજેક્ટથી ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનું અંતર ઘટશે અને વિસ્તારનો સર્વાંગી વિકાસ થશે સાવરકુંડલાને સ્માર્ટ GIDC મળતા ઉદ્યોગક્ષેત્રે એક નવી ક્રાંતિ આવશે અને સમગ્ર અમરેલી જિલ્લાનું ઔદ્યોગિક નકશો બદલાશે તેવા વિચારો સાથે જ ચૂંટણીમાં આપેલા વચનો પાળી બતાવવામાં પાવરધા ધારાસભ્ય મહેશ કસવાળાએ સરકાર સમક્ષ કરેલી રજૂઆતોના ફળ સ્વરૂપે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે સાવરકુંડલાને જી.આઇ.ડી.સી.નું ફળ મળ્યું હતું ઔદ્યોગિક નગર બનાવવાના સંકલ્પની સાથે કામ કરતા ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો અને પ્રજાના ચૂંટાયેલા જન પ્રતિનિધિ તરીકેની આગવી ઓળખ સાવરકુંડલા લીલીયા વિધાનસભા માટે અલગ જ ઊભી કરીને નામના નહિ પણ કામના કસવાળા કહેવાયા હોવાનું વેપારીઓ હર્ષભેર કહી રહ્યા છે.

**લોખંડ ઉદ્યોગ,કાંટા ઉદ્યોગ,એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને હીરા ઉદ્યોગ ને નવું બળ મળશે**

# બિહારના લખીસરાયમાં મોરારીબાપુની રામકથાનું સમાપન


■ મનોજ જોશી



પૂજ્ય મોરારીબાપુના વ્યાસાસને બિહારના લખીસરાય માં આયોજિત રામકથા ૧૧ જાન્યુઆરીએ વિરામ પામી. કથાના આરંભના બે દિવસ તેમ જ અંતિમ દિવસે રાજ્યના ઉપ મુખ્યમંત્રી શ્રી વિજયસિંહાએ ઉપસ્થિત રહીને આયોજકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું. આ તકે પૂજ્ય બાપુએ કહ્યું કે રાજપીઠ વ્યાસપીઠ પાસે આવે એમાં એની શોભા છે.

કથાના મનોરથી શ્રી નવલજી કનોડિયા પરિવારે પૂરા ભાવ અને ભક્તિ દ્વારા કથાનું સુચારુ આયોજન પાર પાડ્યું. વારાણસીના શ્રી કિશનજી જાલાન પરિવાર તેમ જ અખિલેશજી ખેમકા પરિવાર દ્વારા ક્રાઉન ઈવેન્ટ ના સેવાકર્મીઓના સથવારે કથાની તમામ વ્યવસ્થા સુપેરે સંભાળી. લખીસરાયના જીલ્લા અધિક્ષકની સૂચના અનુસાર વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા કથામાં ઉપસ્થિત શ્રોતાઓના આવાગમન અને સુરક્ષા માટે સતર્કતા પૂર્વક કામગીરી બજાવી.દસ બાર હજાર શ્રોતાઓના આગમનની અપેક્ષા રખાઇ હતી તેના બદલે પચ્ચીસ ત્રીસ હજાર ભાવિકો કથા શ્રવણ માટે ઉમટી પડ્યા. લખીસરાયમાં જાણે કથા સત્સંગ સાથે લોકમેળો જામ્યો.

બાપુ અવારનવાર કથામાં જણાવતા હોય છે કે રામ કથા કેવળ વચનાત્મક ન રહેતા રચનાત્મક બનવી જોઈએ. લખીસરાયના પ્રશાસને બિહાર સરકારની મદદથી લખીસરાયના રામકાલીન ઋષિ શૃંગીની તપોભૂમિ "શૃંગી ધામ" તરીકે વિકસાવવાનું બીડું ઝડપ્યું છે. એ દિશામાં પૂજ્ય બાપુના માર્ગદર્શન નીચે કામગીરી આરંભી દીધી છે. શૃંગી ઋષિની મૂર્તિનું અનાવરણ થઇ ચૂક્યું છે અને આગામી સમયમાં આ સ્થળ બિહારના ધાર્મિક પર્યટન સ્થળ તરીકે વિકાસ પામશે. બાપુએ આ અંગે પ્રસન્નતા વ્યક્ત કરીને" શૃંગી ધામ" ને આધ્યાત્મિક ઉર્જાથી સભર ક્ષેત્ર બનાવવા માટે બિહાર પ્રશાસને ઉપયોગી સૂચનો આપ્યા હતા.



શૃંગી ઋષિ અથર્વ વેદના જ્ઞાતા હતા. તેમની મૂર્તિ સમક્ષ મૂકવા અથર્વ વેદનો ગ્રંથ બાપુ દ્વારા મોકલાશે. ઉપરાંત શૃંગી ઋષિ ની મૂર્તિ સાથે જ હનુમાનજીની મૂર્તિ સ્થાપિત થશે. એ મૂર્તિ પણ બાપુ દ્વારા મોકલાશે. આ રીતે બાપુના કુલ કથા ક્રમની આ ૯૭૦ મી કથા ઐતિહાસિક બની રહી.

## માનવતાનું ઉત્તમ ઉદાહરણ



### એકલા મનુભાઈ આહિરના અંતિમ સંસ્કારમાં જસરાજ સેનાની અદ્ભુત મદદ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

કુંડલા (ઓળિયા) વચ્ચે આવેલી સહયોગ હોટેલમાં કામ કરતા મનુભાઈ આહિરનું અકાળે અવસાન થયું. મનુભાઈ સુરતમાં રહેતા પોતાના પરિવારથી દૂર, એકલા હોટેલમાં રહીને કામ કરતા હતા. તેમના પરિવારને આ દુખદ સમાચાર મળતાં તેઓ ખૂબ જ પરેશાન થઈ ગયા, કારણ કે તેઓને સ્થાનિક વ્યવસ્થા, પોસ્ટમોર્ટમ કે અંતિમ સંસ્કારની કોઈ જાણકારી નહોતી.આ સમયે પરિવારે હિતેશ સરૈયાને સંપર્ક કર્યો અને મદદ માગી. આ પછી શ્રી વીરદાદા જસરાજ સેનાના સમર્પિત કાર્યકરો અનિલ પોપટ, નરેશ નિમાવત અને જલો સવાણી તરત જ સક્રિય થયા.સેનાના સભ્યોએ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમથી સીધા સ્મશાન રથ લઈને આવ્યા. તેમણે અંતિમ સંસ્કારની સંપૂર્ણ વ્યવસ્થા કરી રથનું વાહન, લાકડાં, અન્ય સામગ્રી અને તમામ જરૂરી વ્યવહારોનું સંચાલન કર્યું. આખરે મનુભાઈને અગ્નિદાહ આપવામાં આવ્યો.